PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/કવા–૦૪/૧૬–૧૭ / 3745 તા. 28/04/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વીકાસ કોટન જીનીગ અને પ્રેસીગ,
સર્વે નંબર: ૨૫૭૦, પૈકી
માર્કેટીગ યાર્ડ પાછળ, જી.આઈ.ડી.સી,
હળવદ–૩૬૩ ૩૩૦
મો: ૯૮૨૫૨ ૨૪૩૪૦, ૯૯૨૫૧ ૪૩૭૮૬,૯૪૨૯૦ ૭૮૬૯૨

વિષય :–એચ.ટી. જોડાણ મા અપાયેલ ઓડિટ રીકવરી અન્વયે નુ પુરવણી બીલ "Ami Reg Saran"
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૧૪/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૦૪ 03)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૪/કવા–૦૧/૧૬–૧૭    કમિટિ મીટીગ તા.૧૯–૦૪–૧૬    સ્થળ :રાજકોટ

## : રીવ્યુ કેઈસ : – : પુર્વભુમીકા :

સંદર્ભ :(૧) ફરીયાદી અરજદાર શ્રી ''વીકાસ કોટન જીનીગ અને પ્રેસીગ'' ના એચ.ટી. જોડાણ મા, પીજીવીસીએલ તરફથી અપાયેલ, '' ઓડિટ રીકવરી સબબ ના'' –(૧) ઓફ સીઝન – બીલીગ ટેરીફ ભંગ અન્વયે ની રકમ નુ પુરવણી બીલ તેમજ (૨) વાર્ષિક બીલીગ રકમ આનુષાંગીક ઘટતી ડિપોઝીટ ની રકમ ની વસુલાત અન્વયે નુ પુરવણી બીલ બાબતે –સદર કેઈસ ના ફરીયાદી શ્રી ''વીકાસ કોટન જીનીગ અને પ્રેસીગ'' ના ગામ : હળવદ ની તા. ૨૧–૧૨–૧૫ ની, ફોરમ સમક્ષ ની મુળ ફરીયાદ અરજી નોધણી નં: ૯૦/કવા–૦૩/૧૫–૧૬

(૨) સંદર્ભ નં.(૧) મુજબ ની ફરીયાદ નુ ફોરમ કમિટી ની રાજકોટ ખાતે ની (૧) પ્રથમ તા.૧૩–૦૧–૧૬ ની ફોરમ કમિટી ની મીટીગ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી સદર કેઈસ મા, અપુરતા દસ્તાવેજીક પેપર્સ રજુ થયેલ હોય તેમજ અરજદાર પક્ષકાર ને પણ તેમની સવાલવાળી અરજી ઉપરાંત વિશેષ રજુઆતો પીજીવીસીએલ સમક્ષ કરવાની હોય, આવા કારણોસર – આ કેઈસ મા – પીજીવીસીએલ પક્ષકાર ને કચેરી મા રૂબરૂ બોલાવી, તેઓ શ્રી ની સવાલવાળી અરજી ઉપરાંત ના અન્ય પ્રશ્નો અને બાબતો ની પતાવટ કરી, તેમજ સવાલવાળી અરજી પરત્વે ના મુદદાઓ બાબતે પણ સુવ્યવસ્થિત સ્પષ્ટીકરણ મેળવ્યા બાદ જ, બન્ને પક્ષકારો ને ફોરમ કમિટી ની બીજી મીટીગ મા હાજર રહેવાનુ, ફોરમ કમિટી એ જણાયેલ હતુ. આમ, પ્રથમ તા.૧૩–૦૧–૧૬ ની મીટીગ મા, નિર્ણય મોકુફ રહેલ હતો.

(૩) ત્યારબાદ, બન્ને પક્ષકારો તરફથી જરૂરી દસ્તાવેજીક પેપર્સ, અને ખાસ કરીને પીજીવીસીએલ પક્ષકાર તરફથી મહત્વની સ્પષ્ટતાઓ સાથે ના દસ્તાવેજીક પેપર્સ ફોરમ કમિટી તરફથી રજુ થયેલ હતા. જેથી, ફોરમ કમિટી એ તા. ૨૪–૦૨–૧૬ ના રોજ ની રાજકોટ ખાતે ની મીટીગ મા, બન્ને પક્ષકારો ની હાજરી મા, કરાયેલ હિઅરીગ બાદ, સદર કેઈસ મા, ફોરમ તરફથી, પીજીવીસીએલ પક્ષકાર ની તરફેણ મા અપાયેલ, હુકમ નંબરઃ પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૦/કવા–૦૩/૧૫–૧૬/૨૬૧૬ , તા.૧૬–૦૩–૨૦૧૫

(૪) સંદર્ભ નં. (૩) મુજબ ના, પીજીવીસીએલ ની તરફેણ ના ફોરમ ના હુકમ સામે, અરજદાર પક્ષકાર (પ્રતિવાદી) મે.''વીકાસ કોટન જીનીગ અને પ્રેસીગ'' તરફથી, ફોરમ સમક્ષ દાખલ કરાયેલ, રીવ્યુ અરજી પત્ર ક્રમાંક : નીલ તા.૦૭–૦૪–૧૬ ફોરમ તરફથી અપાયેલ નોંધણીનંબરઃ ૧૪/કવા–૦૧/૧૬–૧૭

(૫) સંદર્ભ નં. (૪) મુજબ ની, અરજદાર પક્ષકાર (પ્રતિવાદી) ની રીવ્યુ અરજી નુ, ફોરમ કમિટી ની રાજકોટ ખાતે આયોજીત પ્રથમ ફોરમ કમિટી ની તા.૧૯–૦૪–૧૬ ના રોજ ની મીટીગ મા, કરાયેલ હિઅરીગ સમયે, પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ હતા. તેમજ, ફરીયાદી પક્ષકાર (અરજદાર પક્ષકાર) પણ હાજર રહેલ હતા. ફોરમ કમિટી તરફથી, ફરીયાદી અરજદાર (રીવ્યુ અરજી કરનાર) શ્રી ની સદર તા.૦૭–૦૪–૧૬ ની લેખીત રીવ્યુ અરજી ને, તા.૧૯–૦૪–૧૬ ની ફોરમ કમિટી ની મીટીગ મા, ચર્ચા મા લઈ, અને સદર કેઈસ ની તમામ બાબતો ને આવરી લઈ ને, અરજદાર ની રીવ્યુ અરજી મા કરાયેલ માંગણી મુજબ ના મુદદા ઓને, ગુણવતા હેઠળ આવરી લઈ ને, રીવ્યુ કેઈસ નુ સંપુર્ણ હિઅરીગ સંપન્ન થયેલ હતુ. અને આ તા.૧૯–૦૪–૧૬ ની ફોરમ કમિટી ની મીટીગ મા સદર રીવ્યુ કેઈસ મા, ફોરમ કમિટી તરફથી સદર રીવ્યુ કેઈસ નિર્ણીત થયેલ હતો.

---

## રીવ્યુ કેઈસ

અરજદાર પક્ષકાર (પ્રતિવાદી) ની, મુદદા નં. (૪) ની રીવ્યુ અરજી ના અનુસંધાને, ફોરમ કમિટી ની તા.૧૯–૦૪–૧૬ ના રોજ ની, રાજકોટ ખાતે ની મીટીગ મા, રીવ્યુ માંગનાર અરજદાર પક્ષકાર (પ્રતિવાદી) તેમજ પીજીવીસીએલ પક્ષકાર (વાદી) હાજર રહેલ હતા. બન્ને પક્ષકારો ની લેખીત રજુઆતો તેમજ મૌખીક દલીલો, તા.૧૯–૦૪–૧૬ ની ફોરમ કમિટી ની મીટીગ મા, રૂબરૂ સાંભળી અને બન્ને પક્ષકારો ના મુદદાઓ વાળી બાબતો, ફોરમ કમિટી તરફથી અભ્યાસે લઈ, અને કરાયેલ હિઅરીગ અન્વયે નો, સદર કેઈસ મા, ફોરમ કમિટી દ્વારા, આજરોજ તા.૧૯–૦૪–૧૬ ની ફોરમ કમિટી ની મીટીગ મા નિર્ણય થયેલ છે.

<u>**: હુકમ :**</u>

<u>**સદર રીવ્યુ અરજી કેઈસ ના પક્ષકાર: (વાદી) નં.: –(૧) રીવ્યુ અરજી કરનાર :**</u>

<u>**અરજદાર (ફરીયાદી) : નામ:**</u> **વીકાસ કોટન જીનીગ અને પ્રેસીગ,**<u>**ગામ:**</u> **હળવદ**

<u>**રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વિક્રમભાઈ શાહ હાજર રહેલ હતા.**</u>

<u>**વિરૂધ્ધ**</u>

<u>**સદર રીવ્યુ અરજી કેઈસ ના પક્ષકાર : (પ્રતિવાદી) નં.: –(૨) : પીજીવીસીએલ**</u>

<u>**પીજીવીસીએલ (કચેરી)**</u> **: હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)**

<u>**રજુઆત કરનાર :**</u>**એ.બી.વસાવા, ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, હળવદ**

---

<u>**: હુકમ :**</u>

<u>**ફરીયાદ : રીવ્યુ અરજી બાબત**</u>

<u>**મુદ્દા નં.–૧ :**</u> <u>**પક્ષકાર નં. –(૧) વાદી : અરજદાર (ફરીયાદી) ની રજુઆત**</u>

**૧** અરજદાર જણાવે છે કે, ફોરમ કમિટી દ્વારા. ઉપરોક્ત સંદર્ભ મા દર્શાવ્યા મુજબ ના, ફોરમ દ્વારા અગાઉ નિર્ણીત થયેલ તેઓના કેઈસ મા, જે તે સમયે, ફોરમ કમિટી તરફથી તેઓની મુખ્યત્વે– ૦૪ માંગણીઓ, જે ખરેખર ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩, જીઈઆરસી ના નોટીફિકેશન નં. ૧૧/૨૦૦૫ અને ફોરમ રેગ્યુલેશન નં.–૦૨/૨૦૧૧ ના જુદા જુદા પારા હેઠળ સમાવિષ્ટ હોવા છતા, ફોરમ કમિટી તરફથી, તેઓ શ્રી ની સદર ૦૪ માંગણીઓને એકત્રીત કરી, અને '' માત્ર– ઓડિટ રીકવરી '' હેઠળ સમાવિષ્ટ કરી, તે મુજબ સદર માંગણીઓને અલગ અલગ ધારા હેઠળ મુલવવાને બદલે, સામાન્યતઃ ઓડિટ રીકવરી હેઠળ મુલવેલ છે. આમ, તેઓ શ્રી ની, નીચેના મુદ્દા નં. ૧.૧ થી ૧.૩ સુધી મા વર્ણવેલ સદર ૦૪ માંગણીઓ ને, અલગ - અલગ ધારા હેઠળ સમાવી અને અલગ અલગ રીતે મુલવવા માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**૧.૧** છેલ્લા ૦૨ વર્ષ દરમ્યાન નિયમીત વીજબીલો મા – નિયમીત પણે પાછલી રકમ ની વસુલાત ની - સતત બાકી લેણી રકમ દર્શાવતી ન હોય તેવી રકમ નુ, અચાનક ૦૨ વર્ષ પછી, એકી સાથે ની ચડત રકમ મુજબ ની વસુલાત,

સદર બાબત જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ના મુદ્દા નં. ૬.૪.૮ મા કરાયેલ જોગવાઈ મુજબ નિયમાધીન સમાવિષ્ટ ન હોવા છતા, તેઓ શ્રી ને, તેઓ શ્રી ના એચ.ટી. જોડાણ નં. ૧૭૫૩૭ મા, પીજીવીસીએલ તરફથી (૧) વર્ષ–૨૦૧૨ માટે, તા.૦૧–૦૫–૧૨ થી તા.૩૦–૦૯–૧૨ સુધી ના ૦૫ માસ માટે ''ઓફ સીઝન '' મા થયેલ વીજવપરાશ સબંધક '' પેનલ્ટી મુજબ '' નુ રૂ.૧,૩૬,૭૯૬.૫૭ નુ પુરવણી બીલ, જે તા.૦૩ ૧૧ ૧૫ ના રોજ તેમજ (૨) વર્ષ ૨૦૧૪ માટે, તા.૦૧–૦૬–૧૪ થી તા.૩૦ ૦૯ ૧૪ ના, ૦૪ માસ માટે, ''ઓફ સીઝન '' મા થયેલ વીજવપરાશ સબંધક '' પેનલ્ટી મુજબ '' રૂ.૨,૧૪,૭૭૮.૨૩ નુ પુરવણી બીલ, જે તારીખઃ ૨૧ ૧૨ ૧૫ ના રોજ અપાયેલ છે. આમ, વર્ષ -૨૦૧૨, તેમજ વર્ષ–૨૦૧૪ દરમ્યાન ની રકમ ના પુરવણી બીલો, જે ૦૨ વર્ષ પછી વસુલાત અન્વયે તેઓ શ્રી ને અપાયેલ છે.

**૧.૨** છેલ્લા ૦૨ વર્ષ દરમ્યાન નિયમીત વીજબીલો મા - નિયમીત પણે પાછલી રકમ ની વસુલાત ની - સતત બાકી લેણી રકમ દર્શાવતી ન હોય તેવી રકમ નુ, અચાનક ૦૨ વર્ષ પછી, એકી સાથે ની ચડત રકમ મુજબ ની વસુલાત,

સદર બાબત જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ના મુદ્દા નં. ૬.૪.૮ મા કરાયેલ જોગવાઈ મુજબ નિયમાધીન સમાવિષ્ટ ન હોવા છતા, તેઓ શ્રી ને, તેઓ શ્રી ના એચ.ટી. જોડાણ નં. ૧૭૫૩૭ મા, પીજીવીસીએલ તરફથી, વર્ષાંતે ના બીલીગ અન્વયે ઘટતી ડિપોઝીટ ની રકમ ની વસુલાત, જે (૧) વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માટે રકમ રૂ.૫૦,૦૮૭.૩૩ અને (૨) વર્ષ ૨૦૧૩ ૨૦૧૪ માટે રકમ રૂ.૬૩,૭૮૨/- ના પુરવણી બીલો પણ તેઓ શ્રી ને ડિસેમ્બર–૨૦૧૫ ના માસમા અપાયેલ છે. આમ, વર્ષ -૨૦૧૧-૨૦૧૨, તેમજ વર્ષ -૨૦૧૩ ૨૦૧૪ દરમ્યાન ની રકમ ના પુરવણી બીલો, જે ૦૨ વર્ષ પછી તેઓ શ્રી ને અપાયેલ છે.

**૧.૩** ઉપરોક્ત મુદ્દા નં.૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે ની બાબતો, વીજધારા -૨૦૦૩ ના મુદ્દા નં. ૫૬ (i) તેમજ ૫૬ (ii) હેઠળ ની વિગતે, - તેમજ ફોરમ રેગ્યુલેશન (નોટીફિકેશન નં.૦૨/૨૦૧૧) ના મુદ્દા નં. ૬.૪.૩ અને ૬.૪.૪ મુજબ ની વિગતે અંતર્ગત હેઠળ ની હોય, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર તરફથી સદર બાબતો, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૧ ( ફોરમ રેગ્યુલેશન) ના મુદ્દા નં. ૨.૨૧ (i) હેઠળ આવરી લેવા યોગ્ય હોય, તેમજ ૨.૪૪ મા કરાયેલ જોગવાઈ મુજબ વિગતો મેળવી, ચોકકસ સમયગાળા મા ન્યાયિક રીતે મુલવી અને નિકાલ કરવા યોગ્ય હોવા છતા, ફોરમ કમિટી તરફથી અગાઉ ના હુકમ મા આ તમામ ધોરણો હેઠળ, તેઓના સદર કેઈસ ને આવરી લેવામા આવેલ ન હતો. જેથી, સદર તમામ ધારાઓ હેઠળ, તેઓ શ્રી ના, સદર કેઈસ ને, ન્યાયિક રીતે મુલવી અને ફરી હુકમીત કરવા, અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પ્રતિવાદી : પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત**

**૨.૧** અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેમના સદર એચ.ટી. જોડાણ ૧૭૫૩૭ મા, પીજીવીસીએલ તરફથી (૧) વર્ષ-૨૦૧૨ માટે, તા.૦૧-૦૫-૧૨ થી તા.૩૦-૦૯-૧૨ સુધી ના ૦૫ માસ માટે ''ઓફ સીઝન '' મા થયેલ વીજવપરાશ સબંધક '' પેનલ્ટી મુજબ '' નુ રૂ.૧,૩૬,૭૬૬.૫૭ નુ પુરવણી બીલ, જે તા.૦૭-૧૧-૧૫ ના રોજ તેમજ (૨) વર્ષ–૨૦૧૪ માટે, તા.૦૧-૦૬-૧૪ થી તા.૩૦–૦૯–૧૪ ના, ૦૪ માસ માટે, ''ઓફ સીઝન '' મા થયેલ વીજવપરાશ સબંધક '' પેનલ્ટી મુજબ '' રૂ.૨,૧૪,૭૭૮.૨૩ નુ પુરવણી બીલ, જે તારીખ: ૨૧-૧૨-૧૫ ના રોજ અપાયેલ છે. આમ, આ મુજબ ના, અરજદાર શ્રી ને અપાયેલ વર્ષ-૨૦૧૨, તેમજ વર્ષ-૨૦૧૪ દરમ્યાન ની રકમ ના પુરવણી બીલો, જે આઉટ રીકવરી આનુષાંગીક બાબત છે. જે તે વર્ષ મા થયેલ ભુલ ના કારણોસર ની બાબત છે. આ પુરવણી બીલ મા કોઈ દંડ ની કાર્યવાહીજનક વસુલાત નથી, પરંતુ '' ભુલ–ચુક લેવી દેવી'' સબંધક, એવી અગાઉ ના વર્ષ ની ભુલ અન્વયે ની વસુલાત, જે ૦૨ વર્ષ પછી, પીજીવીસીએલ ના ધ્યાને આવેલ હોય, તે મુજબ ની વસુલાત છે. અને તે અન્વયે ની, અગાઉ ના ૦૨ વર્ષ પહેલાની ભુલ સુધારણા ના ભાગરૂપ જ સદર પુરવણી બીલો અપાયેલ છે. જે, વસુલાત ની રકમ '' 89th REPORT OF LAW COMMN. OF INDIA ON THE LIMITATION ACT-1963 (Chapter -17 Section-17- i.e. Fraud and Mistake - અંતર્ગત ના CLAUSE NO. : 17 (1)'' અંતર્ગત ની બાબતો હેઠળ ની હોય, યોગ્ય છે.

**૨.૨** અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેમના સદર એચ.ટી. જોડાણ ૧૭૫૩૭ મા, પીજીવીસીએલ તરફથી, સદર એચ.ટી. જોડાણ મા વર્ષાંતે થયેલ બીલીંગ અન્વયે ની રકમ ની ગણતરી ને આધારીત એવી, જોડાણ મા હંમેશા રહેવા પાત્ર એવી મુકરર કરાયેલ ડિપોઝીટ ની રકમ મા ઘટ જણાયે, સદર ઘટતી રકમ ની ડિપોઝીટ ની રકમ ની વસુલાત, જે (૧) વર્ષ–૨૦૧૧-૨૦૧૨ માટે રકમ રૂ.૫૦,૮૮૭.૩૩ અને (૨) વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટે રકમ રૂ.૬૩,૭૮૨ - ના પુરવણી બીલો પણ તેઓ શ્રી ને ડિસેમ્બર–૨૦૧૫ ના માસમા અપાયેલ છે. આમ, વર્ષ-૨૦૧૧-૨૦૧૨, તેમજ વર્ષ-૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન ની રકમ ના પુરવણી બીલો, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૦૫ ના મુદદા નં. ૪.૬ મા કરાયેલ જોગવાઈ મુજબ ની જ વસુલાત આનુષાંગીક બાબત હોય, યોગ્ય છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** સદર કેઈસ મા,અરજદાર શ્રી ના સવાલવાળા એચ.ટી. જોડાણ ૧૭૫૩૭ મા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મા વર્ણવેલ વિગત મુજબ ના, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા ૦૨ પુરવણી બીલો, જે તેઓ શ્રી ના જોડાણ મા, વર્ષ-૨૦૧૨ અને વર્ષ–૨૦૧૪ દરમ્યાન ની વસુલાત પાત્ર રકમ આનુષાંગીક છે. સદર ૦૨ પુરવણી બીલોની વસુલાત, પીજીવીસીએલ પક્ષકાર ની શરતચુક ભુલ ને કારણે, જે તે વર્ષે થઈ શકેલ ન હતી. પરંતુ, ૦૨ વર્ષ પછી પીજીવીસીએલ પક્ષકાર ના ધ્યાને સદર ભુલ આવેલ હતી. જેથી, અગાઉ ના ૦૨ વર્ષ પહેલાની ભુલ સુધારણા ના ભાગરૂપ જ પીજીવીસીએલ તરફથી, અગાઉ ના સમયગાળા ની રકમ ની વસુલાત અન્વયે ના સદર ૦૨ પુરવણી બીલો, અરજદાર શ્રી ને અપાયેલ છે. તે વસુલાત ની રકમ, જે પ્રવર્તમાન એવા LIMITATION ACT-1963 ના (Chapter -17 Section નં -17- i.e. Fraud and Mistake ) હેઠળ ના CLAUSE NO. : 17 (1) મા કરાયેલ જોગવાઈ અંતર્ગત ની જ વસુલાત હોય, જે યોગ્ય છે.

**૩.૨** સદર કેઈસ મા,અરજદાર શ્રી ના સવાલવાળા એચ.ટી. જોડાણ ૧૭૫૩૭ મા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મા વર્ણવેલ વિગત મુજબ ની, અરજદાર શ્રી ના સદર એચ.ટી. જોડાણ મા વર્ષાંતે થયેલ બીલીંગ અન્વયે ની રકમ ની ગણતરી ને આધારીત એવી મુકરર કરાયેલ ડિપોઝીટ ની રકમ ની વસુલાત અન્વયે ના, અરજદાર શ્રી ને અપાયેલ સદર ડિપોઝીટ ની રકમ ની વસુલાત ના – વર્ષ-૨૦૧૧-૨૦૧૨, તેમજ વર્ષ-૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન ની રકમ ના પુરવણી બીલો, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪ ૨૦૦૫ ના મુદદા નં. ૪.૬ મા કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક જ હોય, યોગ્ય છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧** ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો સદર રીવ્યુ કેઈસ મા હુકમ થયેલ છે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજમાં થવો જરૂરી છે..